


"સ્વાઈન ફ્લુ તો હાહાકાર મચાવે છે..."

"હેં...હેં...હેં... આટલું બધુ...!"

"સાહેબ, રાજ્યમાં ૧૫૫ના મોત થયા છે. આ નાનીસુની વાત નથી. સરકારેય ગંભીરતાથી લેતી નથી અને તમે પણ...!"

"...તમે આવ્યા એવા જ દેવાવાળી શરૂ કરી. જોતા નથી હજી તો પૂર રાહતની કામગીરી ચાલે છે ત્યાં વળી નવો મોરચો ખોલાયો. શુ કરીએ 'માઠી' બેઠી છે."

"સાહેબ આવા ગ્રહયોગની વાત કરીને છટકી ન જાઓ. જે કરવું પડે તે તો કરવું જ પડે ને. આપણને તો ખબર જ છે કે વરસાદ પતે ન પતે ત્યાં તો સ્વાઈન ફ્લુ વાજતે-ગાજતે આવે છે."

"તમે વિગતો તો મેળવો. તંત્રએ કેટ-કેટલું કામ કર્યું છે અને છતાંય તમે વગોવ્યા જ કરો છો. વગોવ્યા જ કરો છો."

"હા સાહેબ તમે મીટીંગો ખુબ કરી, હુકમો કર્યા, રાજ્યમાં બે-ચાર સેમીનારો કર્યા પણ અમલમાં ભારે ગાબડા, અને એટલે જ આ સ્થિતિ સર્જાઈ છે."

"હા ભઈ હા. ગમે તેટલુ કરીએ તમને કદર જ ક્યાં છે. દરેક આર્યુવેદિક દવાખાનામાં ઉકાળાનું વિતરણ નિયમિત રીતે થાય છે. એનો લાભ લેવો જોઈએ ને ! કે અમે ઘરે ઘરે જઈને પીવડાવીએ..!?"

"પણ સાચુ કહુ સાહેબ, લોક જાગૃતિ માટે હજુ વધુ પગલાંની જરૂર છે. અત્યારે તો ઘેર ઘેર ગભરાટ છે, ગભરાટ... અને મચ્છરો તો ત્રાસ મચાવે છે."

"હા એ જ ભાંજગડ છે સાહેબ, દવાનો છંટકાવ નિયમિત નથી થતો એટલે જાત જાતના રોગોનો ઉપદ્રવ વધે છે. અત્યારે તો દવાખાના જુઓ, દર્દીઓથી ઉભરાય છે ઉભરાય... જાત જાતના રોગ ને ભાતભાતના દર્દીઓ..."

"હં, રોગચાળા માટે સાનુકૂળ વાતાવરણ છે. સાવચેતી માટેના સમયસર પગલાં લેવાય તો રોગચાળો ઉગતો જ ડામી દેવાય. દર વખતના અનુભવ છતાં આગ લાગે ત્યારે જ કૂવો ખોદવામાં પાવરધુ તંત્ર ક્યારે સમય પાસેથી શીખશે...?!"

"સાહેબ જુઓ હવે એક્શન પ્લાન ઘડાઈ ગયો છે અને ૨૪ કલાકમાં નિયંત્રણમાં આવી જશે બધુ."

"બસ આમ જ ચાલે છે. 'ઘોડા છુટી જાય પછી તબેલાંને તાળું મારવા નીકળીએ છીએ.' દોઢસો દોઢસો માણસો સ્વાઈન ફ્લુના ખપ્પરમાં હોમાય છે ત્યારે આપણો એક્શન પ્લાન ઘડાય છે. હદ થાય છે આ તો..."

"આકરા ન થાવ સાહેબ... તંત્રની જવાબદારી છે એમાં ના નહી, પણ સમાજની તો ખરીજ ને અને સ્વસ્થ સમાજ ત્યારે બની શકે કે જ્યારે પ્રત્યેક નાગરિક પોતાના આરોગ્ય અને શિક્ષણ માટે ગંભીર બને."

"વાત આપની સાચી છે, પણ સમાજે પણ એટલું જ જાગૃત થવાની જરૂર છે."

- નિમિત્ત માત્ર

# જિલ્લામાં બે વર્ષ બાદ સ્વાઈન ફ્લુનો કહેર

## ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ તો શહેરી વિસ્તારમાં ૭ કેસ મળી ૩૨ કેસ નોંધાયા : ગાંધીનગર સિવિલમાં પાંચ દર્દી સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર ૨૦૧૫ના વર્ષની યાદ અપાવે છે. ૨૦૧૫માં જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૨૫ થી પણ વધુ નોંધાઈ હતી. હાલ જિલ્લામાં મનપા સહિતના વિસ્તારને મળી કેસોની સંખ્યા ૩૨ પર પહોંચી છે.

સ્વાઈન ફ્લુ અંગે તંત્રને વારંવાર સૂચનાઓ રાજ્ય સ્તરેથી અપાયા બાદ પણ જાગૃતિ અભિયાનને લઈ ઉદાસીનતા જોવા મળી રહી છે તો કમિશનર કક્ષાએથી લેવાયેલ વિડીયો કોન્ફરન્સ બાદ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો નિર્ણય કરાયો હતો પરંતુ આયોજન, તાલિમ અને મોનીટરીંગના અભાવે પરિસ્થિતિ આગામી દિવસોમાં વણસી શકે છે. આજે જ ગાંધીનગર જિલ્લામાં પાંચ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૫ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૭ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુના કેસો ઓગષ્ટ માસમાં જ સૌથી વધુ નોંધાયા છે. આ પછી જુલાઈમાં નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે ભેજવાળુ હવામાન હોવાને કારણે સ્વાઈન ફ્લુના કેસો વધી શકે તેવી શક્યતાઓ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ અંગે વોર્ડ પણ અલાયદો ઉભા કરાયો છે અને હાલ પાંચ જેટલા દર્દીઓ દાખલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં જન-જાગૃતિ અભિયાન સઘન બનાવાય એટલુ જ નહિ પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેનાથી જિલ્લાના લોકોમાં ભયની લાગણી વધુ જોવા મળી રહી છે.

દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને લઈ તંત્રના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરનાર હોવાનું જાણવા મળેલ છે.

### સે. ૨ અને ૩માંથી સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ

**બન્ને મહિલા દર્દી : આ સાથે શહેરમાં કેસોની સંખ્યા વધીને ૭ પર પહોંચી : સોમવારથી મનપાની કચેરીએ આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ શરૂ કરાશે : આ સપ્તાહમાં ત્રીજો કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ ૨ સ્વાઈન ફ્લુ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર શહેરમાંથી મળેલ બન્ને દર્દી મહિલા છે અને તેમને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવેલ છે. બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે એક દર્દી સે. ૨માંથી મળી આવેલ છે જ્યારે બીજી મહિલા સે. ૩માંથી મળી આવેલ છે. જે પૈકી એક દર્દીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનુ ખાનગી લેબોરેટરીમાં પરીક્ષણ દરમ્યાન જણાયેલ

● અનુસંધાન પાન-૭ પર

### માણસા, કલોલ અને દહેગામ તાલુકામાંથી ૧-૧-૧ કેસ

**જિલ્લામાં આ સાથે દર્દીઓની સંખ્યા વધીને ૨૫ થઈ : આજે મળેલા કેસોમાં બે પુરૂષ દર્દી અને એક મહિલા દર્દી : ત્રણેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવના ૩ દર્દી આજે મળી આવ્યા છે. જે સાથે જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૨૫ પર પહોંચી છે. કલોલ, દહેગામ અને માણસા તાલુકામાંથી આ કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળેલા ૩ દર્દીઓમાં એક મહિલા અને બે પુરૂષ દર્દી છે. આ ત્રણેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બનમાંથી એક ૬૦ વર્ષીય વૃદ્ધને, દહેગામના દેવકરણના મુવાડામાંથી ૪૦ વર્ષીય પુરૂષને તથા માણસા તાલુકાના લોદરા ગામની એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આજે જીએમઈઆરએસ હોસ્પિટલ ખાતે પરીક્ષણ દરમ્યાન જણાઈ આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર



આ ગંદકીના ઢગલા છે શહેરમાં રોગચાળાનું મૂળ, આવા તો અનેક ઠેકાણા છે શહેરમાં... નગરજનોએ અને તંત્રએ જાગવાની જરૂર છે...

# શંકરસિંહ જૂથના સાત ધારાસભ્યોએ પોતાના રાજીનામા સુપરત કર્યા

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત રાજયસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા સાત ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી દીધા છે. શંકરસિંહ વાઘેલા જૂથના આ સાતેય ધારાસભ્યોએ શુક્રવારે વિધાનસભા સ્પીકર રમણલાલ વોરાને રાજીનામા સુપરત કર્યા હતા.

આ સાત ધારાસભ્યોમાં રાઘવજી પટેલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, સીકે રાઉલજી, મહેન્દ્ર સિંહ વાઘેલા, કરમશી પટેલ, અમિત ચૌધરી અને ભોળાભાઈ ગોહિલે રાજીનામાં આપ્યા હતા. ધર્મેન્દ્ર સિંહ જાડેજાએ કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં ભાજપમાં જોડાશે. કોંગ્રેસે આ સાતેય ધારસભ્યોને પહેલાથી જ સસ્પેન્ડ કરી દીધા હતા.

વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, કઈકાલે રાત્રે સાડા નવ કલાકે મને સાત ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. મારા નિવાસે આવીને ધારાસભ્યોએ કોઈના દબાણ કે ધાકધમકી વગર રાજીખુશીથી રાજીનામા આપ્યા હતા. જેનો મેં સ્વીકાર કર્યો હતો.

ચૂંટણી સમયે શંકરસિંહ વાઘેલા સહિત તેમના જૂથના મનાતા ૭ ધારાસભ્યોએ કોંગ્રેસના વ્હીપ (પાર્ટીનો આદેશ) વિરુધ્ધ જઈને

● અનુસંધાન પાન-૭ પર

# રાઈટ ટુ એજયુકેશન અન્વયે જિલ્લામાં ૪૨૮ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

## ગત વર્ષની સાપેક્ષમાં વધુ ૭૦ વિદ્યાર્થીઓનો સમાવેશ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૪૨૮ વિદ્યાર્થીઓને ધોરણ -૧ માં પ્રવેશ આપવામાં આવ્યો છે. ગત વર્ષે ૩૫૮ વિદ્યાર્થીઓનો પ્રવેશ આપવામાં આવ્યો હતો. રાઈટ ટુ એજયુકેશન હેઠળ ગત વર્ષની સાપેક્ષમાં ૭૦ વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષથી નિયમોને ધ્યાને રાખી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઈનાન્સ શાળામાં મફત શિક્ષણનો લાભ આપવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઈનાન્સ શાળામાં યોગ્ય શિક્ષણ મળી રહે તે માટે રાઈટ ટુ એજયુકેશન યોજના અમલી બનાવાઈ છે. પ્રાંરભિક તબક્કે આ યોજના હેઠળ જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાયો ન હતો. યોજના અંગે અજાણ વાલીઓને રાઈટ ટુ એજયુકેશન અંગે કોઈ જાણકારી ન હોવાથી આ યોજના અંગે જનજાગૃતિ કેળવાય તે માટે ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી. જયારે યોજનાના લાભાર્થીઓને આવરી લેવા માટે શિક્ષણતંત્રના અધિકારીઓને જરૂરી તાકીદ પણ કરવામાં આવી હતી. જેના અંતે છેલ્લા ત્રણ વર્ષથી રાઈટ ટુ એજયુકેશન અન્વયે પ્રવેશ આપવાની કાર્યવાહી લક્ષ્યાંક મુજબ પુર્ણ થાય છે.

ગત વર્ષે પણ આ યોજના અન્વયે જિલ્લાની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં ૩૫૮ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે આ વર્ષે ગત વર્ષની સાપેક્ષમાં ૭૦ જેટલા વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અલબત્ત રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૪૯૭ને પ્રવેશ આપવાનુ નિયત કરવામાં આવ્યુ હતુ. જયારે ૪૨૮ ને પ્રવેશ આપી દેવાયો છે. આ યોજના અન્વયે ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવે છે.

# ગાંધીનગરના પીઢ પત્રકાર ભુવનેશ ઓઝાનુ અવસાન

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના પીઢ પત્રકાર અને લોક સંસારના તંત્રી ભુવનેશ ઓઝાનુ આજે હૃદય રોગના હુમલાથી અવસાન થયુ છે. સદગતના પુત્ર અને પુત્રી ઓસ્ટ્રેલિયા હોવાથી હાલ તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલના કોલ્ડ



સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. ૬૪ વર્ષીય ભવનેશ ઓઝાનુ અવસાન થતા તા ૧૩ ઓગષ્ટના રોજ તેમની અંતિમયાત્રા નિકળશે. હાલ લોક સંસાર અખબારના તંત્રી સ્થાને ફરજ બજાવતા ભુવનેશ ઓઝાને આજે બપોર ૧ કલાકે કુડાસણ સ્થિત શિવાલય રેસીડન્સીના તેમના ઘરે જ છાતીમાં દુખાવો ઉપડતા તેમને સારવાર અર્થે કુડાસણની રાધે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયારે હૃદય રોગના ગંભીર હુમલાથી તેમનુ અવસાન થયુ હતુ. મુળ ભાવનગરના વતની ભુવનેશભાઈ છેલ્લા સાડા ત્રણ દાયકાથી અખબારી જગત સાથે સંકળાયેલા હતા. જયારે લાંબા સમયથી ગાંધીનગરમાં સ્થાયી થયા હતા. ભુવનેશ ઓઝાના અવસાનની જાણ તેમના ઓસ્ટ્રેલિયા સ્થિત પુત્ર ભાવિક તેમજ પુત્રી પુર્વીને કરવામાં આવતા તેઓ ઓસ્ટ્રેલિયાથી ગાંધીનગર આવવા માટે નિકળી ગયા છે. જયારે તા ૧૩મી એ તેમની અંતિમયાત્રા નિકળશે. તેમના અવસાનથી અખબારી આલમે આઘાત સાથે શોકની લાગણી વ્યકત કરી છે. ગાંધીનગરના પત્રકારો ,તંત્રીઓ તેમજ નગર અગ્રણીઓએ પણ દુખની લાગણી વ્યકત કરી સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે.

# વરસાદે વિરામ લેતાં ખેડૂતો ખરીફના વાવેતરમાં જોતરાયા

## જિલ્લામાં ૮૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદે વિરામ લીધા બાદ કૃષિક્ષેત્રમાં વાવણી તરફ ખેડૂતો વધ્યા છે અને વાવણીના કાર્યમાં વેગ આવ્યો છે.

જિલ્લામાં વરસાદે વિરામ લીધા બાદ ખેતરમાં નિંદામણ સહિતની કામગીરી પુરી કર્યા બાદ ખેડૂતો બીજા તબક્કાના વાવેતરમાં જોતરાઈ ગયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૦ હજાર હેકટરથી વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ જવા પામ્યું છે.

જિલ્લામાં ડાંગર, મકાઈ, બાજરી, મગ, મગફળી, તલ, દિવેલા, ગવાર અને શાકભાજી ઉપરાંત ઘાસચારાનું વાવેતર વધવા પામ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ડાંગરનું વાવેતર ૫૬૮૧ હેકટરમાં, બાજરીનું વાવેતર ૧૨૦૦ હેકટરમાં મકાઈનું વાવેતર ૧૪૦ હેકટરમાં, તુવરનું વાવેતર ૧૮૭ હેકટરમાં, મગનું વાવેતર ૧૬૫૦ હેકટરમાં, અડદનું વાવેતર ૬૮૭ હેકટરમાં મગફળીનું વાવેતર ૫૦૬૮ હેકટરમાં નોંધાયું છે.

આ ઉપરાંત દિવેલાનું વાવેતર ૫૯૦૦ હેકટરમાં, ગુવારનું વાવેતર ૫૭૬૪ હેકટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૮૬૫૦ હેકટર વિસ્તારમાં અને પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૨૦,૨૬૮ હેકટર વિસ્તારમાં થયું છે.

ખરીફ ઋતુના વાવેતર માટે હજુ એકાદ સપ્તાહનો સમય છે આગામી દિવસોમાં જિલ્લાનું વાવેતર એક લાખ હેકટરને પણ પાર કરી જશે તેમ મનાઈ રહ્યું છે. સમયસરના ચોમાસાના આગમન પછી ખેડૂતો વાવેતર માટે ઉત્સાહી જણાયા છે. છેલ્લા એકાદ સપ્તાહથી વરસાદના હળવા ઝાપટાઓને બાદ કરતાં વરાપ નીકળ્યો છે.

આ વખતે કઠોળ પાક ઉપરાંત ડાંગર, શાકભાજીના પાકનું વાવેતર તેમજ દિવેલાનું વાવેતર આગામી દિવસોમાં વધશે તેમ મનાઈ રહ્યું છે. પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ વધશે તેવા અંદાજો છે. જિલ્લામાં કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે.

MUMBAI WHOLESALE BAZAR
ગાંધીનગરમાં સર્વપ્રથમવાર...
SALE... SALE... SALE... SALE...
ટૂંક સમય માટે જ... SALE No.1
જ્યાં ડિસ્કાઉન્ટ જ નહી એકદમ તળીયાના ભાવો....
સેલ કરતા પણ સસ્તુ
હવે આપને અમદાવાદ કે અલગ અલગ જગ્યાએ ખરીદી કરવા જવાની જરૂર નથી. બીજે ખરીદી કરવા જતા પહેલા અમારી મુલાકાત ફાયદામાં રહેશે.
બોમ્બે, કલકત્તા ને લેડીઝ વેસ્ટર્ન ટોપ ફક્ત રૂ. ૫૦૦/-માં ત્રણ નંગ
બ્રાન્ડેડ જીન્સ પેન્ટ, કોટન પેન્ટ, ફોર્મલ પેન્ટ ફક્ત રૂ. ૧૦૦૦/-માં ત્રણ નંગ
ફેન્સી લેડીઝ કુર્તી ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
ઓફીસ વેર શર્ટ, પ્લેન, લાઈનીંગ ચેક્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
જીન્સ જેગીન્સ ફક્ત રૂ. ૬૦૦/-માં ત્રણ નંગ
બોમ્બે-બેંગ્લોર કેજ્યુઅલ શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
કોટન પ્રિન્ટેડ ડ્રેસ મટીરીયલ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
લુધીયાણા બોમ્બે ફેન્સી ટી-શર્ટ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
હેરમ+પ્લોજ્જો નાઈટ પેન્ટ ફક્ત રૂ. ૪૫૦/-માં ત્રણ નંગ
લેડીઝ જીન્સ ફક્ત રૂ. ૯૯૯/-માં ત્રણ નંગ
આ ઉપરાંત જીન્સ પેન્ટ, પોલોફીટ કાર્ગો પેન્ટ, બાંગ્લાદેશી કોટન કાર્ગો પેન્ટ જેવી અઢળક વેરાયટી અને એ પણ તળીયાના ભાવે
આ સેલ ટુંક સમય માટે જ છે. વહેલા તે પહેલાના ધોરણે પછી ના કહેતા કે અમે રહી ગયા.
સ્થળ : હોટલ પ્રેસિડેન્ટ બેંક્વેટ હોલ, 'ચ' રોડ, પેટ્રોલ પંપની પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : સવારે ૧૦થી રાત્રે ૯ સુધી લંચ બ્રેક વગર
● હોલસેલ વેપારી ભાઈઓએ પૂછપરછ કરવી નહીં.
● શોપીંગ બેગ સાથે ન લાવવા વિનંતી.
● ગર્દીથી બચવા સવારે પધારો

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com